રાંધેજામાં શ્રીફળનાં ખુલ્લા ગોડાઉનમાં ભીષણ આગ

રાત્રે ૩ વાગે બેકાબુ બનેલી આગ ૧૧ વાગે કાબુમાં આવી : ૧ લાખ લીટર પાણીનો સતત મારો ચલાવ્યો : શ્રીફળના ૩૫૦૦ કોથળા બળીને ખાખ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર નજીક રાંધેજા-રૂપાલ રોડ પર સ્થિત સુકા નારીયેળના ખુલ્લા ગોડાઉનમાં મધરાત્રે ૩ વાગે એકાએક આગ લાગી ઉઠી. ફાયરબ્રિગેડને આ સંદર્ભે જાણ કરતા રાત્રે ગાંધીનગર ફાયર બ્રિગેડની ટીમ બનાવસ્થળે પહોંચી ગઈ હતી. રાત્રે ૩ વાગ્યાથી બેકાબુ બનેલી આગને કાબુમાં લાવવા આઠ કલાકની જહેમત ઉઠાવવામાં આવી હતી. ફાયર બ્રિગેડની ટીમે એક લાખ લીટર પાણીનો મારો લાવીને આગ પર કાબુ મેળવ્યો હતો. મધરાત્રે લાગેલી આગમાં ૩૫૦૦ જેટલા નારીયેળના કોથળા સળગીને ખાખ થઈ ગયા હતાં જયારે ૫૦૦ જેટલા કોથળાને બચાવી લેવાયા હતાં. સદ્‌ભાગ્યે આગ દુર્ઘટનામાં કોઈને ઈજાઓ કે જાનહાનિ થવા પામી નથી. આગ લાગવા પાછળનું કારણ પણ હજુ અકબંધ છે.

રૂપાલ-રાંધેજા રોડ પર આવેલી મુનરાજી પાર્ક સોસાયટી રાંધેજા ખાતે ભુરજીભાઈ પ્રેમચંદ ખત્રીએ સુકા નારીયેળ (શ્રીફળ)નું ખુલ્લું ગોડાઉન બનાવ્યું છે. એટલે કે સોસાયટીનાં ચોકમાં જ શ્રીફળના કોથળાનાં ઢગલા કરી ખુલ્લુ ગોડાઉન બનાવી દેવામાં આવ્યું છે. ગઈ કાલે રાત્રે ૩ વાગ્યાના સુમારે એકાએક શ્રીફળના ગોડાઉનમાં ભીષણ આગ ભભુકી ઉઠી હતી. આસપાસના રહીશોએ આ અંગે ફાયરબ્રિગેડને કોલ કરતા ગાંધીનગર ફાયર ઓફીસર મહેશ મોડ તેમના કાફલા સાથે ઘટના સ્થળે ફાયર ફાયટર લઈને પહોંચી ગયા હતા. સુકા નારીયેળમાં લાગેલી આગને પગલે તેના કોથળા છુટા પાડવા માટે કે જેથી આગ વધુ ન ફેલાય તે માટે જે.સી.બી.ની મદદ લેવામાં આવી હતી ને સતત આઠ કલાક સુધી ફાયર ફાયટર વડે પાણીનો મારો ચલાવવામાં આવ્યો હતો. રાત્રે ૩ વાગે લાગેલી આગ સવારે ૧૧ વાગે કાબુમાં આવી હતી. જો કે આગ કયાં કારણોસર લાગી તે બાબત હજુ રહસ્યમય છે. સદભાગ્યે આ દુર્ઘટનામાં કોઈ ઈજા કે જાનહાની થવા પામી નથી. ગોડાઉનમાં પડેલા નારીયેળના ૪ હજાર કોથળા પૈકી ૩૫૦૦ કોથળા બળીને ખાખ થઈ ગયા હતા જયારે ૫૦૦ કોથળાને બચાવી લેવામાં આવ્યા હતાં. આગને કાબુમાં લાવવા માટે ૧ લાખ લીટર પાણીનો મારો ચલાવવામાં આવ્યો હોવાનું ફાયર ઓફીસરે જણાવ્યું હતું.

આદીવાડા ગામે મકાનમાંથી દારૂ-બિયરનો જથ્થો મળ્યો

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરના આદીવાડા ગામમાં સરકારી સ્કુલ પાસે એક મકાનમાં વિદેશી દારૂનો વેપલો ચાલતો હોવાની બાતમીને આધારે સે-૨૧ પોલીસની ટીમે રાત્રે ૧૦ વાગ્યે મકાનમાં દરોડો પાડી તલાશી લેતા તેમાંથી વિદેશી દારૂની નાની બોટલ્સ તથા બિયરના ટીમનો જથ્થો મળી આવ્યો હતો. સે-૨૧ પોલિસે દારૂ બિયરનો જથ્થો જપ્ત કરી ફરાર થઈ ગયેલા બુટલેગર વિરૂધ્ધ ગુનો દાખલ કરી તેની શોધખોળ હાથ ધરી છે.

શહેરના સે-૨૧ પોલીસ મથકનાં પોલીસ કોન્સ્ટેબલ ઘનશ્યામસિંહને બાતમી મળી હતી કે આદીવાડા ગામની સરકારી શાળા પાસેના એક મકાનમાં વનરાજ પોપટસિંહ ચાવડા નામનો શખ્સ વિદેશી દારૂનો ગેરકાયદે વેચાણ કરે છે. જે બાતમીને આધારે સે-૨૧ પોલીસની ટીમે રાત્રે ૧૦ વાગે તેના મકાનમાં દરોડો પાડયો હતો. મકાનમાંથી એક પછી એક ૫૫ નંગ વિદેશી દારૂની નાની બોટલ (ક્વાર્ટર) અને ૨૦ નંગ બિયરના ટીન મળી આવ્યા હતાં.

જો કે મકાનમાં દારૂનો વેપલો કરનાર શખ્સ વનરાજ ઘરે હાજર ન હતો. પોલીસે દારૂ-બિયર મળીને રૂ. ૧૧ હજારનો મુદ્દામાલ જપ્ત કરીને સે-૨૧ પોલીસ મથકના પી.એસ.આઈ. પી.જે. સોલંકીએ તપાસ શરુ કરી બુટલેગરને શોધી કાઢવા ચક્રો ગતિમાન કર્યા છે.

કરૂણા સર્કલ (ખ-૬)ની કરૂણા યથાવત્

સર્કલ પ્રત્યે તંત્રનો સતત અણગમો પ્રદર્શિત

વાયબ્રન્ટ સમિટ પાછળ કરોડો ખર્ચાયા પરંતુ તે સમયે પણ આ સર્કલની કરૂણતા દૂર ન કરાઈ

ગાંધીનગર, તા. ૮

ગુજરાત રાજયને વિકાસના પંથે લઈ જવા મોદી સરકાર કટિબદ્ધ છે. પરંતુ 'દિવા તળે અંધારૂ' જેવી કહેવત અનુસાર ગાંધીનગરમાં જ વિકાસ રૂંધાતો હોય તેવું લાગી રહ્યું છે. વાયબ્રન્ટ સમિટ જ્યા યોજાઈ હતી તે મહાત્મા મંદિરના ખ માર્ગનું કરૂણાસર્કલ દયનીય હાલતમાં ભાસી રહ્યું છે. આ સર્કલની ઉજડતા વિશે અગાઉ પણ તંત્રનું ધ્યાન દોરાયું છે. છતા પણ સર્કલની હાલત ઉપરથી તંત્રનો સતત અણગમો પ્રદર્શિત થઈ રહ્યો છે. જેથી પાટનગરના રહીશોમાં ભારે નારાજગી ફેલાઈ છે.

રાજ્યના પાટનગર ગાંધીનગરમાં દુનિયાભરના ઉદ્યોગપતિઓ અને મહાનુભાવો વાયબ્રન્ટ સમિટ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીનગરને આ સમય દરમ્યાન રોશનીથી ઝળહળતુ કરી દેવાયું હતું. તેમજ માર્ગો અને સ્થળો સાફ સુથરા કરી દઈ આકર્ષિત બનાવાયા હતા. પરંતુ મહાત્મા મંદિર જે માર્ગ ઉપર આવેલુ છે. તે માર્ગ એટલે કે ખ માર્ગનું કરૂણા સર્કલ કોઈ જ જાતના સુધારા કે સફાઈ વગર ખંડેર હાલતમાં પડી રહ્યું હતુ અને હાલમાં છે. તંત્રના કોઈ અધિકારી કે તંત્ર કોઈ જુનુ વેર વાળવા જાણે કે આ સર્કલને ભુલી જવા માંગતા હોય તેમ સતત અણગમો સર્કલની હાલત ઉપરથી દેખાઈ રહ્યો છે.

આ માર્ગ ઉપર સરકાર જેનો ગર્વ અનુભવે છે તે મહાત્મા મંદિર આવેલું છે. તેમજ આ માર્ગ ઉપરથી અંબાજી, ઉંઝા, મહેસાણા, ગોઝારીયા, મહુડી વગેરે જવા માટે પ્રજાજનો પસાર થાય છે. છતાં પણ તંત્રે આ સર્કલ પ્રત્યે કેમ ઓરમાયુ વર્તન રાખે છે તે પ્રશ્ન લોકો પુછી રહ્યા છે.

આ સર્કલ પછીનું ક-૬ સર્કલને ફુલઝાડ તેમજ એલ.આઈ.સી.ની પ્રતિકૃતિ મુકી રળીયામણું બનાવાયું છે અને શહેરના અનેક સર્કલો સાજશજાવટથી હરીયાળા લાગી ઘ્યા છે. ત્યારે આ સર્કલ ઉજ્જડ લાગી રહ્યું છે. વધુમાં આ સર્કલનો ખાનગી ધંધાદારીઓ પોતાના વ્યવસાયની જાહેરાત માટે ઉપયોગ કરી રહ્યા છે. માટે તંત્ર સત્વરે આ અંગે યોગ્ય કાર્યવાહી હાથ ધરે તે ઈચ્છનીય બન્યું છે.

ગાંધીનગર જિલ્લા દશનામ ગોસ્વામી સમાજના યુવાનોનો સમૂહ લગ્નોત્સવ સંપન્ન

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર જિલ્લા દશનામ ગોસ્વામી મંડળના પ્રમુખ હર્ષદગીરી ગોસ્વામીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, સમાજના નવયુવાન યુવકો અને યુવતીઓનો સમૂહ લગ્નોત્સવ તાજેતરમાં આસુતોષ મહાદેવ, મુ. જામળા, તા. કલોલ, જિ. ગાંધીનગર ખાતે યોજાયો હતો.

ગોસ્વામી સમાજના ૧૫ નવયુગલોએ લગ્ન ગ્રંથીથી જોડાઈને પ્રભુતામાં પગલા પાડયા હતા. સમૂહ લગ્નમાં જોડાનાર દરેક યુગલને ગાંધીનગર જિલ્લા દશનામ ગોસ્વામી મંડળે શુભેચ્છા પાઠવી હતી. સમૂહ લગ્નમાં સહકાર આપવા બદલ જિલ્લાના જ્ઞાતિ બંધુઓ તેમજ ગાંધીનગર ગોસ્વામી સમાજના હેલ્પલાઈન સભ્યોના સહકાર બદલ સર્વેનો આભાર માન્યો છે.

સઈજ ગામે દત્ત બાવની પાટોત્સવ અને લઘુરૂદ્ર યોજાશે

ગાંધીનગર, તા.૮

શ્રી રંગ અવધૂત પરિવાર ગાંધીનગર દ્વારા સિદ્ધનાથ મહાદેવ સઈજ મુકામે તા. ૧૭મી ફેબ્રુઆરી ૨૦૧૩ને રવિવારે સવારે ૮ થી ૧ કલાક દરમિયાન દત્તબાવનીના બાવન પાઠ અને લઘુરૂદ્ર યોજાશે. કરૂણાશંકર ત્રિવેદીના ધર્મપત્નીની પિશાચ પીડા દૂર કરવાના શુભ આશયથી સમગ્ર દત્ત બાવનીની રચનાનો ૭૮મો પાટોત્સવ અને ૨૮મો લઘુરૂદ્ર ઉજવાશે.

આજે રોટરી ક્લબ ઓફ ગાંધીનગરના ઉપક્રમે શક્તિ-૨૦૧૩ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૭માં આવેલા ટાઉનહોલ, ઘ-૪ સર્કલ પાસે આજે તા. ૯મી ફેબ્રુઆરીએ રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા 'શક્તિ-૨૦૧૩' કાર્યક્રમ યોજાશે જેમાં સ્ત્રીઓના વિકાસ અંગેની એક ઊંચી ઉડાન સંદર્ભે વિવિધ કાર્યક્રમો સવારે ૯ થી સાંજે ૫ કલાક દરમિયાન યોજાશે.

શક્તિ-૨૦૧૩ કાર્યક્રમ અંતર્ગત આજે સવારે ૯ કલાકે આમંત્રિત મહેમાનોનું આગમન થશે. ૧૦ કલાકે સનદી અધિકારી અંજુ શર્માના શુભાસ્તે ઉદ્‌ઘાટન થશે. ૧૦.૪૫ કલાકે સેવાક્ષેત્રના મહિલા અનાર પટેલનું, ૧૧.૩૦ કલાકે બી.એન. દસ્તુરનું અને ૧૨.૧૫ કલાકે દીપક તૈરેવ્યાનું વક્તવ્ય યોજાશે. બપોરે ૧ થી ૨ કલાક દરમિયાન ડૉ. પ્રકાશ વાઘેલા મહિલા ઉત્કર્ષ અંગે વક્તવ્ય આપશે. સ્ત્રીરોગ નિષ્ણાંત ડૉ. ઉષા વહોરા, જાણીતા લેખક જય વસાવડા, મંજિતા વણજારા, અજીત પટેલ ખાસ ઉપસ્થિત રહેશે. આમંત્રિત વક્તાઓ મહિલાઓમાં ખુશ રહેવાની ચાવી, બાળ વિકાસ, આરોગ્ય જાળવણી, મહિલા ઉદ્યોગ સાહસિકતા, સ્વરક્ષણ, સંબંધોની જાળવણી, સફળતાની ચાવીઓ અંગે વક્તવ્ય આપશે.

મહિલા ગોપી મંડળ દ્વારા રામકથાનું આયોજન

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરના જાણીતા યુવા કથાકાર સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે તા. ૧૬મી ફેબ્રુઆરીથી ૨૨મી ફેબ્રુઆરી દરમિયાન સેક્ટર-૨૪ ખાતે બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન રામકથા યોજાશે. સેક્ટર-૨૪ રામકથા સમિતિ અને મહિલા ગોપી મંડળ દ્વારા યોજાનાર રામકથામાં સર્વે ભક્તજનોને ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

દુ:ખદ અવસાન

રસિકકુમાર વર્માના ધર્મપત્ની મંજુલાબેન વર્માનો પમી ફેબ્રુઆરીએ સ્વર્ગવાસ થતા સ્વર્ગસ્થનું બેસણું આજે તા. ૯મી ફેબ્રુઆરી-૨૦૧૩ને શનિવારે ૮.૩૦ થી ૧૧.૩૦ કલાક દરમિયાન પ્લોટ નં. ૨૨૬/૧, સેક્ટર-૪-એ, ગાંધીનગર રાખવામાં આવ્યું છે.

જી.એન.એલ.યુ.ની હોસ્ટેલમાંથી વિદ્યાર્થી અઠવાડિયાથી ગુમ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર નજીક રાયસણ ખાતે સ્થિત ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી (જી.એન.એલ.યુ.)માં અભ્યાસ કરતો અને સંસ્થાની જ હોસ્ટેલમાં રહેતો ૨૪ વર્ષિય વિદ્યાર્થી દુષ્યંત કુલદીપકુમાર મહેતા ૨ ફેબ્રુઆરીના રોજ હોસ્ટેલમાંથી દિલ્હી ખાતે માતાને ફોન કરવા જવાનુ કહીને બહાર નીકળ્યો હતો. આજે એક સપ્તાહ થઈ ગયું હોવા છતાં તે પરત હોસ્ટેલ ફર્યો નથી કે ઘરે પણ ગયો નથી. અઠવાડિયાથી ગુમ થઈ ગયેલા વિદ્યાર્થીની શોધખોળ બાદ પણ કોઈ સગડ ન મળતાં જી.એન.એલ.યુ. સત્તાવાળાઓએ અડાલજ પોલીસ મથકે ગુમ થયા અંગેની જાણવા જોગ અરજી આપતા પી.એસ.આઈ. એસ.જી. વાઘેલાએ તેની શોધખોળ હાથ ધરી છે. હિન્દી, અંગ્રેજી ભાષા જાણતા વિદ્યાર્થીને આંખે નંબરના ચશ્મા છે. અને તે મધ્યમ બાંધાનો છે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

સરકારી વિજ્ઞાન કોલેજ સે-૧ પમાં ઈન્ટરકલાસ ક્રિકેટ અને વોલીબોલ ટુર્નામેન્ટ યોજાઈ

ગાંધીનગર, તા.૮

સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગરની ખેલ-કૂદ-યોગ-વ્યાયામ ધારા તેમજ કોલેજની જીમખાના સમિતિ દ્વારા રમતોત્સવ ૨૦૧૨-૧૩ અંતર્ગત ઈન્ટરકલાસ ક્રિકેટ તેમજ વોલીબોલ ટુર્નામેન્ટ યોજાઈ હતી. ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભગોરા વિકાસની ટીમ ચેમ્પિયન બની હતી તથા વોલીબોલ ટુર્નામેન્ટમાં ટી.વાય. બી.એસ.સી.ની ટીમ ચેમ્પિયન બની હતી.

સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગરની ખેલ-કૂદ-યોગ-વ્યાયામધારા તેમજ કોલેજની જીમખાના સમિતિ દ્વારા રમતોત્સવ ૨૦૧૨-૧૩ અંતર્ગત ઈન્ટરકલાસ ક્રિકેટ તેમજ વોલીબોલ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું.

ક્રિકેટ ટુર્નામેન્ટમાં કુલ અગિયાર ટીમોએ ભાગ લીધેલ. જેમાંથી એફ.વાય. બી.એસ.સી. અને એસ.વાય. બી.એસ.સી.ની ટીમો ફાઈનલમાં પ્રવેશ પામેલ. જે પૈકી ભગોરા વિકાસના નેતૃત્વ વાળી એસ.વાય. બી.એસ.સી.ની ટીમ ચેમ્પિયન બનેલ. ભગોરા વિકાસને બેસ્ટ બેટસમેન અને ડાબી યોગેશને બેસ્ટ બોલર ઓફ ધ ટુર્નામેન્ટ ઘોષિત કરવામાં આવ્યા હતા.

વોલીબોલ ટુર્નામેન્ટમાં કુલ સાત ટીમોએ ભાગ લીધેલ. જેમાંથી એસ.વાય. બી.એસ.સી. અને ટી.વાય.બી.એસ.સી.ની ટીમો ફાઈનલમાં પ્રવેશ પામેલ. જે પૈકી પટેલ રાહુલના નેતૃત્વ વાળી ટી.વાય. બી.એસ.સી.ની ટીમ ચેમ્પિયન બની હતી. પાંડોર વર્નિલને બેસ્ટ વોલીબોલ પ્લેયર ઘોષિત કરવામાં આવ્યા હતા. બંને ટુર્નામેન્ટમાં ભાગ લેનાર તમામ ખેલાડીઓને તેમજ વિજેતા ટીમોને કોલેજની જીમખાના સમિતિ તેમજ આચાર્યએ અભિનંદન પાઠવ્યા છે.

સ્વામી યોગાનંદ વિદ્યાલયનો વાર્ષિક રમતોત્સવ સંપન્ન

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરના જી.એસ.ઈ.સી.એલ. (જી.ઈ.બી.) કોલોની ખાતે આવેલી સ્વામી યોગાનંદ વિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા તાજેતરમાં વાર્ષિક રમતોત્સવ યોજાયો હતો. રમતોત્સવમાં પ્રાથમિક વિભાગમાંથી વ્યાયામવીર તરીકે સૌરભ નિનામા અને વીરબાળા તરીકે આશા ભરવાડને વિજેતા ઘોષિત કરવામાં આવ્યા હતા અને હાઈસ્કૂલ વિભાગમાંથી વ્યાયામવીર તરીકે તનવીર મનસુરી અને વીરબાળા તરીકે સનોવર પઠાણને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.

શ્રી સ્વામી યોગાનંદ વિદ્યાલય જીઈબી કોલોની ખાતે તા. ૬-૨-૨૦૧૩ને બુધવારે શાળાનો વાર્ષિક રમતોત્સવ યોજાઈ ગયો. રમતોત્સવના ઉદઘાટન સમારંભના અધ્યક્ષ પ.પૂ. રામસ્વામીએ બાળકોને હરહંમેશ કામિયાબી મેળવવાની શીખ આપી હતી. મુખ્ય મહેમાન પદે થર્મલપાવર સ્ટેશનના ચીફ એન્જી બી.આર. અધ્વર્યુએ રમતોત્સવને ખુલ્લો મુકેલો જાહેર કર્યો હતો. શાળાના આચાર્ય ગોવિંદભાઈ નસીતે મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું અને પરિચય કરાવ્યો હતો. અતિથિ વિશેષ પદે પાવર સ્ટેશનના એડીશનલ ચીફ એન્જી. ગામિતભાઈ અને પ.પૂ. અક્ષરસ્વામીએ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. શાબિર મલેકએ ખેલાડીઓને પ્રતિજ્ઞા લેવડાવી હતી. મોહનભાઈ પટેલે આભારદર્શન કર્યું હતું. રમતોત્સવને અંતે પ્રાથમિક વિભાગમાંથી વ્યાયામવીર તરીકે નિનામા સૌરભ અને વીરબાળા તરીકે ભરવાડ આશા વિજેતા ઘોષિત થયા હતા. હાઈસ્કૂલ વિભાગમાંથી વ્યાયામવીર તરીકે મનસુરી તનવીર અને વીરબાળા તરીકે પઠાણ સનોવર વિજેતા થયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના વ્યાયામ શિક્ષક જયંતિભાઈ વી. પટેલ અને બી.આર. જાદવે કર્યું હતું. પંચ તરીકેની કામગીરી શાળાના શિક્ષકોએ બજાવી હતી. વિજેતા વિદ્યાર્થીઓને શાળાના આચાર્ય ગોવિંદભાઈ અને મોહનભાઈએ અભિનંદન પાઠવ્યા હતા.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૯
સૂર્યાસ્ત : ૬.૨૮

તાપમાન

મહત્તમ : ૨૭.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૩.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૯ ટકા ● સાંજે ૩૩ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
એબીસીડી: ઍની બોડી કૅન ડાન્સ (૩ડી) : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
એબીસીડી: ઍની બોડી કૅન ડાન્સ (૨ડી) : ૯.૧૫, ૧૨.૧૫, ૯.૧૫
રેસ- ૨ : ૩.૧૫
વિશ્વરૂપમ : ૬.૧૫

: સ્ક્રીન-૩ :
વિશ્વરૂપમ્ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :
સ્પેશ્યલ -૨૬ : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

સૂર્યા, વાવોલ

સ્પેશ્યલ-૨૬ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
આખા જગથી નિરાલી મારી સાજના : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
સ્પેશ્યલ-૨૬ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
સ્પેશ્યલ -૨૬ : ૧૧.૧૫, ૨.૧૫
એબીસીડી: ઍની બોડી કૅન ડાન્સ : ૫.૦૦, ૭.૩૦
વિશ્વરૂપ: ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :
એબીસીડી: ઍની બોડી કૅન ડાન્સ : ૧૦.૪૫, ૧૦.૦૦
વિશ્વરૂપમ : ૧.૧૫, ૪.૧૫, ૭.૦૦

ચિરાગ, કલોલ

સ્પેશ્યલ-૨૬ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આંબેડકર હોલ

- એડીસી બેંક ગાંધીનગર દ્વારા બેંકના કર્મચારીઓ માટે ટ્રેનીંગ કાર્યક્રમ સવારે ૯.૦૦ કલાકે.

ટાઉન હોલ

- રોટરી કલબ ઑફ ગાંધીનગર દ્વારા 'શક્તિ ૨૦૧૩' સ્ત્રીઓ માટે કાર્નિવલનો પ્રારંભ સવારે ૯.૦૦ કલાકે.

શૈક્ષણિક

- ગુજરાત રાજય સાહિત્ય અકાદમીના અનુદાનથી કલા સંસ્થા સંસ્કૃતિ દ્વારા 'ધારાવાહિક નવવલકથાઓનું ગુજરાતી સાહિત્યમાં સ્થાન' વિષય પર સેમિનાર સેકટર૦૭માં આવેલ શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ, ખાતે સવારે ૯.૧૫ કલાકે યોજાશે.
- કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગર સંચાલિત આર.એન. લલિતકલા અકાદમી અને મમતા સ્પોર્ટસ સેન્ટર કરાટેના વિદ્યાર્થીઓને 'બ્લેક બેલ્ટ એવોર્ડ' વિતરણનો કાર્યક્રમ સેકટર-૨૩ના કેમ્પસમાં આવેલ ખેમજી વીસરામ સંસ્કાર ભવન ખાતે સાંજે ૬.૩૦ કલાકે યોજાશે.

આપની આજ

મેષ : આવક કરતાં વધુ ખર્ચ થવાથી આર્થિક તંગીની આશંકા રહેલી છે. વ્યાપાર- વ્યવસાયિકમાં કાર્યક્ષેત્રનો વિકાર અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થઈ શકશે.

વૃષભ : કૌટુંબીક પ્રશ્નોનું નિરાકરણ આવી શકશે. વ્યાપાર તથા નોકરીમાં ચિંતા દૂર થશે. યાત્રા- પ્રવાસ થઈ શકે છે. અટવાયેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે.

મિથુન : વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવા પડશે. ભૂમિ - સંપત્તિના સોદામાં લાભ થવાની સંભાવના છે. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિ બની રહેશે.

કર્ક : નવા કાર્યો વિચાર, યોજના મોકૂફ રાખવી. આર્થિક વિવાદોથી નુકસાન થઈ શકે છે. આપે કરેલ અથાગ પ્રયત્નોનો ઓછો લાભ મળી શકે છે. નકામો તનાવ, મુશ્કેલીઓ બની રહેવાની સંભાવના છે.

સિંહ : ધર્મમાં આસ્થામાં વધારો થશે. લાભનો માર્ગ મોકળો બનશે. કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદ પ્રાપ્ત થશે. નોકરીમાં આધીનોનો સહયોગ મળશે.

કન્યા : આપને સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ થવાના સમાચાર પ્રાપ્ત થઈ શકે છે. આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે. આપને સતાવતી કોઈ ચિંતાથી મુક્તિ મળશે. સમસ્યાઓનો ઉકેલ મેળવી શકાશે.

તુલા : ખાનપાનમાં ગડબડીથી પેટની તકલીફ થઈ શકે છે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે.

વૃશ્ચિક : આપને આજે ઋણથી મુક્ત થઈ શકશો. કુટુંબના સભ્યો તથા મિત્રોનો સાથ સહકાર મળી રહેશે. આર્થિક લાભની તક પ્રાપ્ત આવશે. તમારા કાર્યોની પ્રશંસા થશે.

ધન : સામાજિક માન સન્માનમાં વધશે. વ્યવસાયિક લાભ અને સુખ -સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદર અપાવશે.

મકર : ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બની રહ્યો છે. વિવાદિત વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર - વિમર્શનો યોગ બને છે.

કુંભ : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. ગુસ્સા પર સંયમ રાખવો. કૌટુંબિક, માંગલિક કાર્યોમાં વિશેષ ઉન્નતિકારક યોગ બની રહ્યો છે. જેના કારણે મન પ્રસન્ન રહેશે.

મીન : આપની મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાની સંભાવનાઓ છે. કુટુંબમાં સારું વાતાવરણ આપને પ્રગતિમાં સહાયરૂપ બની રહેશે. વિરાધીઓ પરેશાન કરી શકે છે.

ચિરવિદાય

- સ્વ. શિવાભાઈ છબાભાઈ પટેલ (ઉ.વ. ૬૫)પ્લોટ નં. ૩૩૨/એ, સેક્ટર-૨૩, ગાંધીનગર.